**Mr. H. G. Vaghela**
Chairman & Principal District Judge
Dahod
Tel. [D] 02673- 239300 [R] 02673 - 248851

Access to Justice For All

DAHOD DISTRICT LEGAL SERVICES AUTHORITY
" Nyay Mandir "
District Court Complex, Dahod
**Tel. 02673 - 239313**
**dlsa-dah@gujarat.gov.in**

# -:લીગલ એઈડ પેનલ એડવોકેટની નિયુક્તિ માટેની જાહેરાત:-

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા દાહોદ જીલ્લાની તમામ અદાલતોમાં મફત અને સક્ષમ કાનૂની સહાય પૂરી પાડી શકાય તે હેતુથી અત્રેના **જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા તાલુકા કાનુની સેવા સમિતિ,દાહોદ,** માટે વકીલશ્રીઓની વધુ પેનલ રચવાની હોવાથી, લાયકાત ધરાવતા વકીલશ્રીઓ તરફથી આ સાથે નિયત કરેલ નમૂનામાં અરજીઓ માંગવામાં આવે છે.

વધુમા જણાવવાનું કે, જે વિ.વકીલશ્રીની નિમણૂંક પેનલ એડવોકેટ તરીકે કરેલ છે તેઓએ ફોર્મ ભરવાના નથી. ડી.એલ.એસ.એ. દવારા વધારાના પેનલ એડવોકેટ લેવાના હોય જેથી રસ ધરાવતા વિ.વકીલશ્રીએ ફોર્મ ભરી મોકલી આપવાના રહેશે.

**અરજી મોકલતાં પહેલાં નીચે જણાવેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચવી.**

૧. પ્રત્યેક અરજદાર પોતે લીગલ એઈડ એડવોકેટ તરીકે સેવા આપવા માંગતા હોય **તે અરજદારે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ કે તાલુકા કાનુની સેવા સમિતિમાં જ અરજી** કરવાની રહેશે.

૨. અરજી નિયત કરેલ નમૂના મુજબ સંપૂર્ણ રીતે ભરેલી હોવી જોઈશે અને અરજી સાથે **અનુક્રમ નં. ૧૩માં જણાવેલ દસ્તાવેજો જોડવાના રહેશે.**

૩. અરજદારે પોતાની અરજી ઉપર કલર ફોટોગ્રાફ પોતાની સહી સાથેનો જોડવાનો રહેશે.

૪. માત્ર તેવા જ ઉમેદવારો કે જેઓની લાયકાત સંતોષાય છે તેઓ જ પેનલ માટે અરજી કરી શકશે.

૫. દરેક ઉમેદવારે પોતાનો લેન્ડલાઈન નંબર ( જો હોય તો),મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ યોગ્ય રીતે અરજીમાં જણાવવાના રહેશે.

૬. દરેક ઉમેદવારે અરજીના ફોર્મમાં જરૂરી તમામ વિગતો સંપૂર્ણ રીતે પુરી પાડવી અને અધુરી વિગત વાળી અરજી રદ થવાપાત્ર થશે.

૭. અરજી સ્વીકારવાની અંતિમ તારીખ **૦૯/૧૦/૨૦૨૬ સાંજના ૦૪ : ૦૦ વાગ્યા સુધી** રહેશે.

૮. જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ માટે નીચે મુજબની અલગ-અલગ પેનલ તૈયાર કરવાની હોય,તે મુજબ નીચે જણાવેલ લાયકાત તથા અનુભવ જે કોઈ ઉમેદવાર ધરાવતા હશે તેઓ જે પોતાની નોધંણી

નીચે મુજબની જુદી-જુદી પેનલ ઉપર થાય તે માટે અરજી કરી શકશે. વધુમાં તાલુકા કાનૂની સેવા સમિતિ માટે અરજી કરવાની હોય તેમણે કઈ પેનલમાં જોડાવાનું છે તે જણાવવું જરૂરી નથી કારણકે **તાલુકા કાનુની સેવા સમિતિ માટે એક જ પેનલ** બનાવવાની છે.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ માટે:-

૧. સેશન્સ કેસો / ક્રિમીનલ કેસો માટેની પેનલ

૨. સિવિલ કેસો માટેની પેનલ

૩. લગ્ન વિષયક તકરાર અંગેના કેસો માટેની પેનલ

૪. એમ.એ.સી.પી.માટેની પેનલ

૫. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષના કેસો માટેની પેનલ

૬. રેવન્યુ કેસો માટેની પેનલ

જે અરજદારોએ ફોર્મ સ્વીકારવાની આખરી તારીખ સુધી જે તે પેનલમાં જણાવેલ કેસો ચલાવવાનો સામાન્યત: ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેઓ જ, જે તે પેનલ માટેની ઉમેદવારી નોંધાવી શકશે.

૯. **પસંદગીનીપ્રક્રિયા:-**

- નાલ્સા( ફ્રિ એન્ડ કોમ્પીટન્ટ લીગલ સર્વિસીઝ રેગ્યુલેશન ) ૨૦૧૦ તથા સદર રેગ્યુલશનમાં સને - ૨૦૧૮માં થયેલ સુધારામાં જણાવેલ પ્રક્રિયાને અનુસરી પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.
- લાયકાતના પરિબળોને સંતોષવા માત્રથી કોઈપણ ઉમેદવારને પસંદગી માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહિ.
- આવેદનપત્રો મળ્યાની સંખ્યા ઉપર અને અત્રેની સત્તા મંડળની જરૂરીયાતને લક્ષ્યમાં રાખીને આ સત્તા મંડળ ઉમેદવારોની પસંદગી સૂચિ કરવાનો હકક અબાધિત રાખે છે.
- લીગલ એઈડ વકીલ તરીકે પેનલ ઉપર નોંધણી કરવા માટે નીચે મુજબના પરિબળો ધ્યાને લેવામાં આવશે:-

૧. ઉમેદવારની લાયકાત / વ્યકિતત્વ.

૨. કાયદાનુંજ્ઞાન / કાયદાની અભિરુચિ.

૩. કાનૂની સહાયના ક્ષેત્રમાં કામ કરવાની તિવ્રતા,પ્રતિબધ્ધતા અને વૃતિ.

૪. જીલ્લા કોર્ટમાં તથા તાલુકા કોર્ટમાં ઉમેદવારની નિયમિતતા / ઉપલબ્ધતા.

- જો પસંદગી માટે પર્સનલ ઈન્ટરવ્યુ રાખવામાં આવે તો,તે માટેનું સ્થળ જીલ્લા કાનુની સેવા સત્તા

મંડળ, દાહોદ દ્વારા નક્કી કરવામાં આવશે અને તે મુજબ પર્સનલ ઈન્ટરવ્યુ માટે દરેક અરજદારે **સ્વખર્ચે** હાજર રહેવું ફરજીયાત રહેશે.

- પેનલ યાદી અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જીલ્લા અદાલતના નોટીસ બોર્ડ ઉપર તથા તાલુકા કાનૂની સેવા સમિતિઓના નોટીસ બોર્ડ પર લગાવવામાં આવશે.

૧૦. પેનલ ઉપર નોંધણી માટેની શરતો:-

૧. નિમણૂંકની તારીખથી બીજો આદેશ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે નવી પેનલની રચના કરવામાં આવશે. પરંતુ નિમણૂંક પામેલ દરેક પેનલ વકીલની કામગીરી અને કાર્યની સમીક્ષા કરવામાં આવશે.

૨. દરેક પેનલ વકીલશ્રી ને ગુજરાત સરકાર દ્વારા તેમજ ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવતી તેમજ માન્ય કરેલ અનુસૂચિ મુજબની ફી / માનદ વેતન ચૂકવવામાં આવશે.

૩. આ સત્તા મંડળ દ્વારા કે નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ દ્વારા આયોજન કરવામાં આવતા તાલીમ અંગેના કાર્યક્રમો તથા રીફ્રેશર કાર્યક્રમો માં હાજર રહેવા જયારે જાણ કરવામાં આવે ત્યારે દરેક પેનલ વકીલે હાજર રહેવાનું રહેશે. જો આ પ્રકારના તાલીમી કાર્યક્રમોમાં પેનલ વકીલ ગેરહાજર રહેશે તો તેઓનું નામ પેનલમાંથી રદ થવાને પાત્ર થશે.

૪. આપવામાં આવતી કાનૂની સેવાઓ ઉપર અસરકારક દેખરેખ રાખી શકાય તે હેતુથી પેનલ ઉપર નોંધાયેલ વકીલશ્રીએ પોતાને સોંપવામાં આવતા દરેક કેસની દરેક મુદતના અંતે પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો રહેશે અને જો પ્રગતિ અહેવાલ રજૂ નહિ કરવામાં આવે તો તેવા વકીલનું નામ પેનલ ઉપરથી નાબૂદ કરવામાં આવશે.

૫. પેનલ ઉપરના વકીલ પાસેથી લીગલ સર્વિસ કિલનીકમાં, જેન્ડર રીસોર્સ સેન્ટરમાં, ઓબ્ઝર્વેશન હોમ વિગેરેમાં સેવાઓ લેવાનો તેમજ અન્ય કોઈ કામગીરી કે જાગૃતિ કાર્યક્રમોમાં સેવાઓ લેવાનો પોતાનો હકક આ સત્તા મંડળ અબાધિત રાખે છે.

૬. ફ્રન્ટઓફીસ માટેના રીટેઈનર એડવોકેટની યાદી સમયાંતરે ક્રમાનુસાર કરવામાં આવશે.

૭. ફ્રન્ટ ઓફીસ માટેના રીટેઈનર એડવોકેટ તરીકે જેઓ પસંદગી પામશે અને જે મહીને જેમનો ફ્રન્ટ ઓફીસમાં ઓર્ડર કરવામાં આવશે તેમણે ફ્રન્ટ ઓફીસમાં મહીનાના ચાલુ કામકાજના દિવસોમાં સવારના ૧૦:૩૦ થી ૦૬:૧૦ સુધી પોતાની ફરજ બજાવવાની રહેશે તથા મસ્ટરમાં સહી કરવાની રહેશે. વધુમાં જે મહીને ફ્રન્ટ ઓફીસમાં ઓર્ડર જે રીટેઈનર વકીલશ્રીનો હશે

તેમણે દર અઠવાડીયામાં બે (૨)દિવસ જેલની મુલાકાત લઈ કેદીઓને લીગઈ એઈડની જરૂરીયાત હોય તે અંગે ફોર્મ ભરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દાહોદ તથા સંબંધીત તાલુકા કાનુની સેવા સમિતિમાં રજુ કરવાના રહેશે.

૧૧. પેનલ ઉપરથી દૂર કરવા અંગે:-

જો કોઈપણ વકીલશ્રીની કામગીરી અસંતોષકારક હશે અથવા કોઈપણ વકીલશ્રી કાનૂની સહાય જે વ્યકિતને પુરી પાડવામાં આવેલ છે તે વ્યકિતની પાસેથી કોઈપણ પ્રકારની રકમની માંગણી કર્યાની અથવા મેળવ્યાના તહોમતમાં દોષિત ઠર્યેથી અથવા સદર અધિનિયમની યોજના, નિયમો અને વિનિયમોના કોઈ પ્રબંધનો ભંગ કર્યેથી નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે અને તેમની સામે વ્યવસાયિક ગેરવર્તણૂંક અંગેના પગલાં લેવામાં આવશે.

૧૨. ધી લીગલ સર્વિસ ઓથીરીટીઝ એકટ, ૧૯૮૭ના હેતુ અને ઉદ્દેશને પાર પાડવા માટે આ સત્તા મંડળ લીગલ એઈડ વકીલની ફરજોના પરિઘને વધારવા માટેનો પોતાનો હકક અબાધિત રાખે છે.

૧૩. પ્રત્યેક અરજદારે તેઓની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.:-

૧. સનદની પ્રમાણિત નકલ.

૨. બાર એસોશીએશન દ્વારા આપેલ અનુભવનું પ્રમાણપત્ર.

(એચ.જી.વાઘેલા)
ચેરમેન
જીલ્લાકાનુની સેવા સત્તા મંડળ,
દાહોદ

# -: પેનલ વકીલ માટેના આવેદન પત્રનો નમૂનો :-

| | |
|---|---|
| અરજી નં............... (કચેરીનાઉપયોગમાટે) | ઉમેદવારનોનવીનતમપાસપોર્ટ સાઈઝનોફોટો |

વિષય :-..............................................................................................................................
(જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,દાહોદ અથવા જે તાલુકા કાનુની સેવા સમિતિની પેનલમાં ઉમેદવારી કરવા માંગતા હોય તેની વિગત લખવી.)

પેનલ :-..............................................................................................................................
(તાલુકા કાનુની સેવા સમિતિમાં જોડાવા માંગતા હોય તેમને લાગુ પડતું નથી.)

| | | |
|---|---|---|
| 1. | વકીલશ્રીનું નામ, સરનામું, મોબાઈલ નંબર, લેન્ડ લાઈન નંબર, ઈ-મેઈલ એડ્રેસ | મોબાઈલ નં.<br>લેન્ડ લાઈન નં.<br>ઈ-મેઈલ એડ્રેસ. |
| 2. | સનદ નંબર અને તારીખ | |
| 3. | શૈક્ષણિક લાયકાત | |
| 4. | પ્રેક્ટીસ શરૂ કર્યા તારીખ | |
| 5. | ક્યા ક્ષેત્રમાં બહોળા અનુભવ/રસ ધરાવો છો?(દિવાની/ક્રિમીનલ/ એમ.એ.સી.પી. /મેટ્રોમોનીયલ/ રેવન્યુ) | |
| 6. | શું અગાઉ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનુની સેવા સમિતિની પેનલ ઉપર નોંધાયેલા રહેલા છો? જો હા તો વિગતો દર્શાવો | |
| 7. | શું કોઈ શિસ્તભંગનો કેસ કે ફરિયાદ આપના વિરુધ્ધ બાર કાઉન્સીલમાં કે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળમાં કરવામાં આવેલી છે ? જો હા, તો તેની વિગતો દર્શાવો. | |
| 8. | શું પેનલ એડવોકેટ તરીકે પસંદગી થાય તો ફ્રન્ટ ઓફીસમાં રીટેઈનર એડવોકેટ તરીકે રહેવા સમંત છો? ( જાહેરાત કોલમ નં.૧૦(૭) વંચાણે લઈ સમંતિ આપવી. | |
| સ્થળ:-<br>તા. | | ..............................................<br>(વકીલશ્રીની સહી) |

-: એકરાર :-

આથી હું જાહેર કરું છું કે, આ અરજીમાં જણાવેલ તમામ કથનો મારા જ્ઞાન અને માન્યતા મુજબ સત્ય, સંપૂર્ણ અને ખરા છે.જો કોઈ પણ માહિતી ખોટી અથવા અસત્ય જણાશે તો મારી ઉમેદવારી રદ થવા પાત્ર થશે. અમોએ પેનલની નોધંણી અંગેની તમામ સૂચનાઓ અને શરતો વાંચી અને સમજી છે અને તેનું પાલન કરવા અમો બંધાઈએ છીએ. હું જાહેર કરું છું કે અમોએ જે કેટેગરી માટે પેનલની નોધંણી થવા માટે અરજી કરેલ છે તે કેટેગરી ની લાયકાત અંગેની તમામ શરતો સંતોષીએ છીએ. અમોએ હાલની અરજી સિવાય અન્ય કોઈ અરજી પેનલ ઉપર નોંધાવવા માટે આપેલી નથી.

| | |
|---|---|
| સ્થળ:-<br>તા. | ..............................................<br>(વકીલશ્રીની સહી) |